# UE01EBD209 Pedagogy of Elements of Accountancy

સમય: ૧૦.00 થી ૧૧.૩0 કુલ ગુણ:- 35

સૂચના: પ્રશ્નપત્રમાં કુલ ચાર પ્રશ્નો છે.

બધા પ્રશ્નો ફરજીયાત છે.

જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ *ચાર* પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (08)

(1) આમનોંધનો અર્થ સ્પષ્ટ કરો.

(2) ધંધાકીય વ્યવહારનો અર્થ આપી, તેના મુખ્ય બે પ્રકારના નામ લખો.

(3) માલમિલકત ખાતાનો નિયમ જણાવી, તેને સંલગ્ન એક ઉદાહરણ આપો.

(4) બિનવેપારી સંસ્થાના કોઈ પણ ચાર લક્ષણો જણાવો..

(5) બેવડી અસર એટલે શું? કોઈ એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરો.

પ્રશ્ન-2 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ *એક* પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર આપો. (10)

(1) ધોરણ ૧૧ના નામાનાં મૂળતત્વો વિષયનો કોઈ એક એકમ પસંદ કરી નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી પાઠ આયોજન નોંધ તૈયાર કરો.

* વિશિષ્ટ હેતુઓ  * શિક્ષક- વિદ્યાર્થીની પ્રવૃત્તિ  * કા.પા.નોંધ

(2) 'નામાના મૂળતત્વો વિષયના કોઈ એક એકમના 'નિદાન-ઉપચાર કાર્ય' માટે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખીને નોંધ તૈયાર કરો.

* નિદાનનો અર્થ  *નિદાન પ્રક્રિયાના સોપાનો  * ધ્યાનમાં રાખવાની બાબતો

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ *ત્રણ* પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (09)

(1) જૂથ અધ્યાપન પદ્ધતિની સફળતા માટેની શરતો જણાવો .

(2) આગમન અને નિગમન પદ્ધતિનો તફાવત નોંધો

(3) અનુબંધના પ્રકારો ઉદાહરણ સહ સ્પષ્ટ કરો.

(4) વિદ્યાર્થીઓ નામના મૂળતત્વો વિષયમાં કૌશલ્ય કેળવે. – આ સામાન્ય હેતુના ત્રણ વિશિષ્ટ હેતુઓ લખો.

પ્રશ્ન-4 (અ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ *એક* પ્રશ્નનો ઉત્તર આપો. (04)

(1) નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણ દ્વારા ઉપયોગિતાનું ધ્યેય કઈ રીતે સિદ્ધ થાય છે ? – સ્પષ્ટતા કરો.

(2) નામાનાં મૂળતત્વો વિષય શિક્ષકના આવશ્યક લક્ષણો જણાવો.

(બ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ *એક* પ્રશ્નનો ઉત્તર આપો. (04)

(1) નીચેના વ્યવહારોની નોંધ શ્રી યશ ત્રિવેદીના ચોપડે બેંક અને વટાવના ખાનાવાળા રોકડમેળમાં કરો.

ઓક્ટોબર 1 બેંક ઓવરડ્રાફ્ટ ₹12,000

4. રોશનીને ₹8000નો માલ 10 ટકા વેપારી વટાવે વેચ્યો. રોશનીએ જરૂરી રકમનો ચેક લખી આપ્યો, જે બેંક માં ભર્યો.

7. નયનને ₹6060ના હિસાબ પેટે ₹ 6000 નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો.

11. દેવાંશીને ₹ 1800 ચેકથી ચૂકવી આપ્યા.

15 વિપુલે તેના ₹11,125 ના દેવા પેટે ₹11,000 નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો.

(2) સીધી લીટીની રીતે ઘસારાની ગણત્રી વિશે ટૂંકી નોંધ તૈયાર કરો.

************ ************ *************